# ભારતીય સૈન્ય અધિકારી (ભૂમિ દળ)

ભારતીય સૈન્ય એ ભારતીય સશસ્ત્ર સેનાનુ સૌથી મોટુ અંગ છે અને તે ભૂમી ઉપર કામગીરી કરતી શાખા છે. ભારતીય સેનાના એક અધિકારીની મુખ્ય ફરજો રાષ્ટ્રીય સુરક્ષા, અખંડિતતા અને એકતા સુનિશ્ચિત કરવાની સાથે સાથે તે આંતરિક અને બાહ્ય જોખમો સામે દેશની રક્ષા કરવા માટે પણ જવાબદાર છે અને જ્યારે પણ અને જ્યાં જરૂરી હોય ત્યાં માનવતાવાદી બચાવ અભિયાન પણ હાથ ધરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમને એક ટીમ તરીકે કામ કરવાનું પસંદ છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત) ઇચ્છનિય છે.

૨. ત્યારબાદ, તમારે લેખિત પરીક્ષા અને પછી ઇન્ટરવ્યૂ માટે હાજર રહેવું પડશે. તમામ ઉમેદવારોએ શારીરિક અને તબીબી કસોટીઓ પાસ કરવી પડશે. **અથવા**

વિજ્ઞાન પ્રવાહના કોઇ પણ વિષય સાથે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. સ્ટ્રીમ અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા અને ઈન્ટરવ્યુ આપો. તમામ ઉમેદવારો શારીરિક અને તબીબી પરીક્ષણો પાસ કરવા જરૂરી છે. **અથવા**

તકનીકી પ્રવેશ માટે, એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ માટેની પરીક્ષાઓ જેવીકે JEE એડવાન્સ્ડ, JEE મેઇન, MET, VITE EE, MHT CET, SRM JEE, COM EDK., UGET, KCET વગેરે પાસ કરી એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી (B.Tech/BE/B.Sc.) પ્રાપ્ત કરો.

ભારતીય સશસ્ત્ર દળોમાં પ્રવેશ માટે, તમારે વિવિધ લેખિત પરીક્ષાઓ, એક એસ.એસ.બી. ઇન્ટરવ્યુ અને વિવિધ તબીબી પરીક્ષાઓ પાસ કરવા આવશ્યક છે, ત્યારબાદ તમે ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં જોડાઈ શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ભારતીય સેન્ય ઓફિસર (ગેઝેટેડ)નું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૫,૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.dnaindia.com/education/report-indian-army-recruitment-2021-earn-salary_x0003_-upto-rs-25 -lakh-without-any-exam-details-here-2896165

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય સેનામાં રેંક ધારક તેમના રેંકના આધારે કોઈ રેજિમેન્ટની સાથે અથવા રેજિમેન્ટનું નેતૃત્ત્વ કરી શકે છે અથવા તાલીમ અકાદમીઓ પૈકીની કોઈ અકાદમીમાં સેવા આપી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે. તમને દેશના કોઈ પણ ભાગમાં મૂકવામાં આવી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

લેફ્ટનન્ટ → કેપ્ટન → મેજર લેફ્ટનન્ટ કર્નલ → કર્નલ → બ્રિગેડિયર મેજર જનરલ → લેફ્ટનન્ટ જનરલ → જનરલ → ફિલ્ડ માર્શલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ભારતીય સશસ્ત્ર દળો, ભારતીય સેના, સંરક્ષણ અકાદમીઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ સંસ્થાઓ**

૧. નેશનલ ડિફેન્સ એકેડમી, ખડકવાસલા
૨. નેશનલ ડિફેન્સ એકેડમી, દેહરાદૂન
૩. ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન
૪. રાષ્ટ્રીય ઇન્ડિયન મિલિટરી કોલેજ, દેહરાદૂન
૫. આર્મી એજ્યુકેશનલ કોર્પ્સ ટ્રેનિંગ કોલેજ અને સેન્ટર, પચમઢી
૬. આર્મી કેડેટ કોલેજ, છતરપુર
૭. ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી, ગયા
૮. આર્મી સર્વિસ કોર્પ્સ સેન્ટર (દક્ષિણ), બેંગલુરુ

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**કેપ્ટન દિવ્યા અજીત કુમાર** ભારતીય સશસ્ત્ર દળોમાં આર્મી એર ડિફેન્સ ઓફિસર છે. તે પ્રથમ પેઢીના સૈનિક છે જેણે ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી, ચેન્નાઈમાંથી પોતાની તાલીમ પૂર્ણ કરી છે. તે પ્રથમ મહિલા અધિકારી છે જેમને 'સ્વોર્ડ ઓફ ઓનર' દ્વારા સન્માનિત કરવામાં આવેલ, જે સામાન્ય રીતે સેના દ્વારા શ્રેષ્ઠ કેડેટને આપવામાં આવે છે. તેણીએ ૨૦૧૫માં ગણતંત્ર દિવર પર સેનાની પ્રથમ મહિલા ટુકડીનું નેતૃત્વ પણ કર્યું હતું. કુમાર હાલમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી, ચેન્નાઈમા ફરજ બનાજવે છે.*

સ્રોત: https://www.indianyouth.net/sto-ry-captain-divya-ajith-ku-mar-inspire-youth/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.